# રાજ્યમાં નવા ૫૧૧ કેસ, વધુ ૨૯નાં મોત

**અમદાવાદમાં નવા ૩૩૪ કેસ નોંધાયા : કોરોનાથી અત્યાર સુધીમાં ૧૪૭૮ લોકોના મૃત્યુ નિપજ્યા રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૮૮૫૬ ટેસ્ટ કરવામાં આવ્યા**



અમદાવાદ,તા.૧૪

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૧૧ નવા કેસ કોરોના પોઝિટિવના નોંધાતા સાથે કોરોનાથી સંક્રમિતનો આંકડો ૨૩૫૯૦ થયો છે. જ્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૨૯ વ્યક્તિઓના કોરોનાને લીધે મૃત્યુ થતા કુલ મૃત્યુઆંક ૧૪૭૮ નોંધાયા છે. રાજ્યમાં આજે ૬૬ વ્યક્તિઓ વેન્ટીલેટર પર છે. જ્યારે ૪૪૨ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ કેસ એક દિવસમાં નોંધાયા હોય તેવો આજે ત્રીજીવાર બન્યુ છે. અમદાવાદમાં ૩૩૪ કેસ આજે નોંધાતા કોરોના સંક્રમિતનો આંકડો ૧૬૬૪૦ પહોંચ્યો છે. સુરતમાં નવા ૭૬ દર્દીઓ નોંધાતા ૨૫૮૫ કોરોનાના સંક્રમિતનો આંકડો પહોંચ્યો છે. વડોદરામાં આજે કોરોના પોઝિટિવના ૪૨ નવા કેસ આવતા કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૧૫૫૩ થયો છે. જ્યારે ગાંધીનગરમાં ૮ નવા નોંધાતા કોરોના સંક્રમિતનો આંકડો ૪૬૭ થયો છે. જ્યારે સુરેન્દ્રનગરમાં ૯, ગાંધીનગરમાં ૮, અરવલ્લી અને ભરૂચમાં ૬-૬, ભાવનગર, મહિસાગર, આણંદ અને અમરેલીમાં ૩-૩, મહેસાણા, સાબરકાંઠા, પાટણ અને ખેડામાં ૨-૨, બનાસકાંઠા, રાજકોટ, પંચમહાલ, બોટાદ, નર્મદામાં ૧-૧, અન્ય રાજ્યના ૫ કોરોના પોઝિટિવ દર્દી નોંધાયા છે. રાજ્યમાં આજે ૨૯ વ્યક્તિઓના કોરોનાને કારણે નિધન થયા છે. જેમાં અમદાવાદમાં ૨૨, સુરતમાં ૪, અરવલ્લી, મહેસાણા, અને પંચમહાલ ખાતે ૧-૧ વ્યક્તિઓના મોત નીપજ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૪૭૮ મૃત્યુ નોંધાયા છે. રાજ્યમાં હાલની સ્થિતિએ ૫૭૭૯ એક્ટીવ કેસ છે. જેમાં ૬૬ દર્દીઓ વેન્ટીલેટર પર અને ૫૭૧૩ સ્ટેબલ છે. આજે ૪૪૨ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા તે સાથે કુલ ડિસ્ચાર્જ ૧૬૩૩૩ દર્દીઓ થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૮૮૫૬૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

# રાજ્યમાં 'ચોમાસા'ની એન્ટ્રી વરસાદની ધમાકેદાર બેટિંગ

**૫ દિવસ ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી : છેલ્લા ૨૪ કલાકમાં ૭૫ તાલુકામાં મેઘાની મહેરઃ સૌથી વધુ દહેગામમાં 3 ઇંચ વરસાદ ખાબક્યો : અમદાવાદમાં વીજળીના કડાકા સાથે ધોધમાર ૨ ઇંચ વરસાદ પડતાં ઠેર-ઠેર ભરાયા પાણીઃ પ્રિ-મોન્સૂન પ્લાનનું સૂરસૂરિયુ**

ગાંધીનગર,તા.૧૪

કેરળમાં આ વખતે ચોમાસું ૧ જૂનના રોજ સમયસર પહોંચ્યાના. બે સપ્તાહમાં મેઘરાજાએ ગુજરાતમાં પણ સમયસર પધરામણી કરી હોય તેમ અમદાવાદ સહિત લગભગ સમગ્ર ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઇ ગઇ હોવાના દ્રશ્યો સર્જાયા હતા. સમયસર વરસાદ આવી પહોંચતા જગતના તાત એવા ખેડૂત આલમમાં પણ ખુશીની લહેર જોવા મળી હતી. અમદાવાદ, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતમાં વડોદરા-દાહોદ વગેરેમાં વરસાદ નોંધાયો હતો. અમદાવાદમાં તો આજે વહેલી સવારે શહેરમાં વીજળીના કડાકા-ભડાકાની સાથે જોરદાર પડેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં મધ્યમથી ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. રવિવારે સવારે પડેલા વરસાદ સાથે સત્તાવાર રીતે ચોમાસું બેસી ગયું હોય તેમ જનમાનસમાં છાપ જોવા મળી હતી. ભારે વરસાદના કારણે રસ્તાઓ, ખેતરો સહિતની જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. સાથે સાથે મધ્ય ગુજરાતમાં આગામી ૪૮ કલાક વરસાદી માહોલ રહેશે. અમદાવાદ, ગાંધીનગરમાં પણ ભારે વરસાદની આગાહી છે સાથે સાથે વલસાડ, નવસારી, ડાંગમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. વડોદરા અને સુરતમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડશે.

ભાવનગર, ગીર સોમનાથ, પોરબંદરમાં ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રમાં ૫ દિવસ સુધી વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૫ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ ધંધુકામાં ૪ ઈંચ વરસાદ, ખેડામાં ૨ અને ગઢડામાં ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. દહેગામમાં ૩ ઈંચ વરસાદ નોધાયો છે. સાબરકાંઠાના તલોદમાં ૨.૪ અને અમદાવાદના સિટી વિસ્તારમાં ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ત્યારબાદ કચ્છ, વલસાડ, સુરત, આણંદ, અરવલ્લી, છોટા ઉદેપુર, મહેસાણા સહિતમાં અડધાથી એક ઈંચ જેટલો વરસાદ વર્સ્યો છે. કચ્છમાં નખત્રાનામાં સૌથી વધુ ૪૯ મી.મી વરસાદ પડ્યો છે. વરસાદ થતા અનેક વિસ્તારમાં પાણી ભરાયા છે. રસ્તા પર પાણી ભરાતા વાહન ચાલકોને પરેશાની થઈ રહી છે.

અમદાવાદમાં આજે રવિવારે પરોઢિયે અમદાવાદીઓ ઘસઘસાટ ઉંઘી રહ્યાં હતા ત્યારે આકાશમાં કાળાડિબાંગ વાદળો વચ્ચે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. જોરદાર પવન ફૂંકાયા બાદ આકાશમાં વીજળીના ચમકારા સાથે વરસાદ વરસી રહ્યો હતો. દિવસ દરમિયાન ભારે ઉકળાટ તેમજ બફારા પછી પડેલા અમી છાંટણાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. રવિવારે સવારે પડેલા વરસાદ સાથે સત્તાવાર રીતે ચોમાસું બેસી ગયું હોય તેમ પ્રાથમિક રીતે જણાતું હતું. અમદાવાદ શહેરમાં સવારે ૪થી ૫ વાગ્યા સુધીમાં એક કલાકમાં જ બે ઈંચ વરસાદ વરસ્યો હતો જેના કારણે વાસણા બેરેજના બે દરવાજા ખોલવામાં આવ્યા હતા.




**આ બન્ને તસવીરો આજે પરોઢના ૪.૫૮ વાગ્યાની છે...** - એક જ એન્ગલ પરથી... પહેલી તસવીર એ વેળાના અંધકારની અને બીજી તસવીર એ અંધકારને વીજળીના એક જ ચમકારે કેવું ઝળાહળા કરી નાખ્યું એની છે... જીવન આવું જ છે, વીજળીના ચમકારાની જેમ આવીને ઈશ્વર કૃપા આપણા અંધકારને પળભરમાં ઉલેચી જાય છે. આપણે માત્ર વિશ્વાસ અને ધીરજ ધરવાની જરુર છે.. પ્રભુકૃપાને પારખવાની દ્રષ્ટિ કેળવવાની પણ જરુર છે.. વીજળીને ચમકારે મોતીડાં પરોવી લેવાની આવડત કેળવી લઈશું તો દુઃખાંત (સુશાંત) ઘટના ટાળી શકીશું...

# ગુજકેટ અને NEET મુદ્દે ફરતી પ્રેસનોટ ખોટી : માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફરી એકવાર ખોટી અખબારી યાદી બોર્ડના નામે પ્રસિદ્ધ કરવા સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષા રદ કરવામાં આવી અને એનઆઈઆઈટી (નીટ)ની પરીક્ષા પણ નહિ લેવામાં આવે તેવી માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી ભરતી કરવાનો મામલામાં બોર્ડે ખુલાસો કર્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ખુલાસો કરવામાં આવ્યો કે, આવી કોઈ પ્રેસનોટ માધ્યમિક શિક્ષણ બોર્ડે બહાર પાડી નથી. આ પ્રેસનોટ સાવ ખોટી છે. કોરોના વાયરસની પરિસ્થિતિના કારણે બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સની બાકી રહેલી પરીક્ષાઓ ભરત કરવામાં આવી છે. સાથે જ ૩૦ જુલાઈના રોજ લેવાનાર ગુજકેટની પરીક્ષા પણ રદ કરવામાં આવી છે અને મેડિકલ માટે લેવાતી નીટ પરીક્ષા નહિ લઈને ધોરણ ૧૨ સાયન્સના પરિણામના આધારે પ્રવેશ આપવામાં આવશે તેવો દાવો એક પ્રેસનોટમાં કરાયો હતો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નામથી સોશિયલ મીડિયામાં એક પ્રેસનોટ ફરતી કરવામાં આવી છે. જે સાવ ખોટી હોવાનો ખુલાસો માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા સચિવ ડી. એસ. પટેલ દ્વારા કરાયો છે.

## ગાજ્યો હાથિયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. શહેરના જુદા જુદા વિસ્તારો સેકટરોના કોમન પ્લોટ સહીત આંતરિક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. સાંજ સુધી વરસાદી પાણી ભરાયેલુ જોવા મળ્યુ હતુ. સતત દોઢ કલાક સુધી વરસેલા વરસાદના લીધે અનેક ઠેકાણે વૃક્ષો પણ ધરાશાયી થઈ ગયા હતા. જેના લીધે માર્ગો પર સવારે પણ આડશ જોવા મળી હતી. જયારે શહેરના સેકટરોમાં કોર્પોરેશનના ખોદકામ બાદ માટી પુરાણ યોગ્ય રીતે ન થતા સેકટરોમાં આખો ટ્રક ઉતરી જાય તેટલા મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. વરસાદી સવાર બાદ શહેરમાં ઠેર ઠેર વૃક્ષો નમી પડેલા , મોટા મસ ગાબડા , ગંદકી અને વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. ભારે વરસાદના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. કોર્પોરેશને નગરને વરસાદી સમસ્યામાંથી ઉગારવા માટે યુધ્ધના ધોરણે સફાઈ તેમજ ગાબડા પુરવા માટે કામ હાથ ધરવાની અનિવાર્યતા છે. જયારે વરસાદી પાણીના ભરાવા વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ ન થાય તે માટે પણ હવે દવા છંટકાવ સહીતની કામગીરી અસરકારક રીતે હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૩૧ મી મી વરસાદ નોંધાયો છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. વરસાદી વાતાવરણ વચ્ચે ગરમી અદ્રશ્ય થઈ ગઈ છે. પરંતુ નગરજનો બફારો અનુભવી રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૩૩ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૩.૫ ડીગ્રી રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૬૬ થી ૯૭ ટકા રહ્યુ હતુ.

## વધુ ૮ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાંથી આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના મળી આવેલ છે. જેમાં એક ૬૨ વર્ષીય પુરૂષ અને એક ૫૪ વર્ષીય પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત કલોલ અર્બન-૨ ના વિસ્તારમાંથી પણ એક કેસ ૬૨ વર્ષીય પુરૂષનો મળી આવેલ છે. તંત્ર દ્વારા આ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. આ ઉપરાંત આ દર્દીઓના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ અત્યાર સુધીમાં ૩૨૪૦ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લામાં હાલ ૧૨,૫૬૩ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૮ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં પાંચ પુરૂષ દર્દી અને ૩ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી ૧૯૭ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૬૯ ટકા દર્દીઓ રીકવર થઈ ગયા છે અને તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## હરખની હેલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બદલાવના સંકેત ખેડૂતો તરફથી મળ્યા હતા. હવે સમયસરના ચોમાસાના આગમનની સાથે જ ખરીફ ઋતુના વાવેતરની કામગીરી જે રીતે વેગીલી બની છે તે જ દર્શાવે છે કે આ વખતે જિલ્લામાં કપાસ ઉપરાંત મગફળી તેમજ ફેર રોપણીના પાકોનું વાવેતર સારૂ એવુ થશે. શાકભાજી તેમજ ઘાસચારાનું પણ વાવેતર તેમજ કઠોળ પાકોનું પણ વાવેતર વધશે. જિલ્લામાં સારા અને સમયસર ચોમાસાને પગલે આ વખતે ખરીફ ઋતુના વાવેતર વિસ્તારમાં પણ વધારો થઈ શકે છે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને પગલે ગ્રામીણ વિસ્તારમાં આવેલા તળાવોમાં નવા નીરની આવક થવા પામી છે એટલુ જ નહિ જમીનમાં ભેજનું પ્રમાણ પણ વધવા પામ્યુ છે.

બીજી તરફ મળતી વિગતો મુજબ જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૦ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ ઋતુનુ વાવેતર સંપન્ન થઈ ચુક્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં શાકભાજીના પાકોનુ વાવેતર ૨૪૩૫ હેક્ટરમાં, કપાસનું વાવેતર ૮ હજાર હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૩૯૪૮ હેક્ટરમાં તેમજ ડાંગરનું વાવેતર ૧૦૩૧ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૫ હજાર હેક્ટરમાં થયુ છે.

જિલ્લામાં આ વખતે સમયસરના ચોમાસાના આગમનની સાથે સાથે શ્રમિકોની તંગી ખેડૂતોને પડી રહી છે પરંતુ સારા વરસાદના સંકેતોથી તે ખાલીપો પૂરાયો હોય એવુ જણાય છે.

## ચરમસીમાએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેજરીવાલ, અનિલ બૈજલ સાથે આજે સવારે ૧૧ વાગે બેઠક યોજાઇ હતી. તેમા આરોગ્ય પ્રધાન હર્ષવર્ધન પણ હાજર રહ્યાં હતાં,. દિલ્હીમાં શનિવારે ૨,૧૩૪ દર્દી વધ્યા હતા. અત્યાર સુધીમાં રાજધાનીમાં સંક્રમિતોની સંખ્યા ૩૮ હજાર ૯૫૮ થઈ છે. એક માહિતી અનુસાર, ભારતમાં કોરોનાથી થયેલા કુલ મોત પૈકીના ૨૩% મોત એકલા મુંબઈમાં નોંધાયા છે. મુંબઈનો ડેથ રેટ ૩.૬૮% છે જ્યારે અમેરિકાના ૨૨% મોત ન્યુયોર્ક શહેરમાં નોંધાયા છે અને ડેથ રેટ ૬.૪૧% છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ, કોરોના વાયરસના અત્યાર સુધી કુલ ૩,૨૦,૯૨૨ કેસ નોંધાયા છે જેમાંથી ૧,૪૯,૩૪૮ સક્રિય છે અને ૧,૬૨,૩૭૯ સાજા થઈ ગયા છે. આ ઉપરાંત દેશમાં અત્યાર સુધી સંક્રમણને કારણે મૃત્યું પામેલા લોકોની સંખ્યા વધીને ૯,૧૯૫ થઈ ગઈ છે.

## આપઘાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સામનો કરવો પડી રહ્યો છે કે કેમ તે જાણવા પોલીસે તેમના બેંક ખાતાની વિગતો મંગાવ્યા છે. આજે રવિવાર હોવાથી બેંકો બંધ છે, આવતીકાલે બેંકને ડિટેઈલ પોલીસ મળશે. મળતી માહિતી મુજબ સુશાંતના ઘરે ૨ રસોઈયા અને ૨ મિત્રો તેની સાથે રહેતા હતા. તેના એક મિત્રએ જણાવ્યું હતું કે સુશાંત હતાશાના કારણે દવાઓ લઈ રહ્યો હતો.તે લોકડાઉનમાં જર્નલ પણ લખી રહ્યો હતો. સુશાંત સવારે ૧૦ વાગ્યે રૂમની બહાર આવ્યો. પછી એક ગ્લાસ જ્યુસ લઈને અંદર ગયો. તેના મિત્રએ કહ્યું કે તે સવારમાં બરાબર દેખાતો હતો, પછી તે ઓરડામાંથી બહાર ન નીકળ્યો. જ્યારે સુશાંતનો દરવાજો ન ખુલ્યો ત્યારે તેના મિત્રોએ તેને તોડવાનો પ્રયાસ કર્યો. સુશાંતના મેનેજરે ચાવી બોલાવી, ત્યારબાદ દરવાજો ખોલવામાં આવી શક્યો. અંદર સુશાંતનો મૃતદેહ નઝથી લટકતો હતો. ત્યારબાદ નોકરે પોલીસને બોલાવી. મુંબઈ પોલીસ તપાસ કરી રહી છે.

## રાહ જુઓ,

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાજેતરમાં આતંકવાદીઓ દ્વારા મારી નાંખવામાં આવેલા સરપંચ અજય પંડિતાની હત્યાની નિંદા કરતા રાજનાથ સિંહે કહ્યું કે કાયર હુમલામાં માર્યા ગયેલા સરપંચ અજય પંડિતાને હું શ્રદ્ધાંજલિ આપું છું. હું બારામુલ્લાના મોહમ્મદ મકબુલ શેરવાનીને પણ શ્રદ્ધાંજલિ આપું છું, જેમણે ૧૯૪૭ માં ખીણમાં ત્રિરંગો લહેરાવ્યો હતો. 'પીઓકે અંગે રાજનાથસિંહે કહ્યું કે થોડાંક દિવસ રાહ જુઓ પીઓકેથી તરફથી જ માંગ ઉઠશે કે અમે ભારત સાથે રહેવા માંગીએ છીએ, પાકિસ્તાનના કબજામાં નહીં. હું તમને કહેવા માંગુ છું કે જે દિવસે આ બનશે, અમારી સંસદનો પણ સંકલ્પ પૂરો થઈ જશે.

## વેન્ટિલેટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતુ, મને એ વાત જણાવતા ગર્વ થઈ રહ્યો છે કે અમેરિકા પોતાના મિત્ર ભારતને મહામારી સામેની લડતમાં મદદ માટે વેન્ટિલેટર દાન કરશે. અમે આ મુશ્કેલ સમયમાં ભારત અને નરેન્દ્ર મોદી સાથે ઉભા છીએ. અમે વેક્સિન બનાવવામાં પણ એકબીજાનો સહયોગ કરી રહ્યા છીએ. અમે બંને મળીને આ અદ્રશ્ય દુશ્મનને માત આપીશુ. ટ્રમ્પના આ ટ્વીટના જવાબમાં પીએમ મોદીનો આભાર પ્રકટ કરતા લખ્યુ હતુ, આવા મુશ્કેલ સમયમાં રાષ્ટ્રો માટે એકત્ર થવુ જરૂરી છે જેથી અમે વિશ્વને સ્વસ્થ અને કોરોના મુક્ત બનાવી શકીએ.

## રેલ્વે કોચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીને આપવાનો નિર્ણય લીધો છે. આ રેલવે કોચથી દિલ્હીમાં ૮૦૦૦ બેડ તો વધશે જ પરંતુ સાથે સાથે કોચ કોરોના સંક્રમણથી લડવા માટે તમામ સુવિધાઓથી લેસ હશે.

- દિલ્હીના કન્ટેઈન્મેન્ટ ઝોનમાં કોન્ટેક્ટ મેપિંગ સારી રીતે થઈ શકે તે માટે ઘરે ઘરે જઈને દરેક વ્યક્તિનો વ્યાપક સ્વાસ્થ્ય સર્વે કરવામાં આવશે. જેનો રિપોર્ટ એક અઠવાડિયામાં આવી જશે. આ સાથે જ સારી રીતે મોનિટરિંગ થઈ શકે, તે માટે ત્યાં દરેક વ્યક્તિના મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવામાં આવશે. - કોરોના સંક્રમણને રોકવા માટે આગામી બે દિવસમાં કોરોનાના ટેસ્ટિંગને વધારીને બમણા કરાશે. તથા ૬ દિવસ બાદ ટેસ્ટિંગને વધારીને ત્રણ ગણા કરાશે.

માસ્ક સાથે બે ગજનું અંતર જાળવીએ    સત્યમેવ જયતે ગુજરાત સરકાર    આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

**૬૮ લાખથી વધુ NFSA રેશનકાર્ડધારકોને સતત ત્રીજા મહિને**



**આજથી વિનામૂલ્યે અન્ન વિતરણ**



**રાજ્યના ૩.૪૦ કરોડ લોકોને જૂન મહિનામાં મળવાપાત્ર અન્ન ઉપરાંત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વિનામૂલ્યે અન્ન વિતરણ કરાશે**

- અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા. ૧૫મી જૂનથી ૨૪ જૂન દરમ્યાન (૧૫ આંકડાના રેશનકાર્ડ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો) તે મુજબ અન્ન વિતરણના દિવસો નિર્ધારીત રહેશે.

| બુકલેટ નંબર : XXXXX XXXXX | NFSA (AAY+PHH) Card |
|---|---|
| રેશન કાર્ડ નંઃ | XXXXX XXXXX XXXX1 જન સંખ્યા XX |

- રાજ્યભરમાં આવેલી ૧૭ હજાર જેટલી સસ્તા અનાજની દુકાનો પરથી NFSA (AAY+PHH) રેશનકાર્ડ ધરાવનારને જૂન-મહિનામાં મળવાપાત્ર જથ્થાનું નિયમિત વિતરણ તથા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા. ઘઉં, ૧.૫ કિ.ગ્રા. ચોખા અને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ચણા અને એપ્રિલ ૨૦૨૦માં મળવાપાત્ર ૧ કિ.ગ્રા. ચણા પણ ચાલુ માસમાં વિનામૂલ્યે અપાશે
- ગ્રાહકે પોતાનું રેશનકાર્ડ, આધારકાર્ડ/ઓળખકાર્ડ સાથે રાખવું

**NFSA રેશનકાર્ડ ધારકોના કાર્ડ નંબરમાં**

છેલ્લા આંકડાનો નંબર ૧ હોય તેમને તા. ૧૫ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૨ હોય તેમને તા. ૧૬ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૩ હોય તેમને તા. ૧૭ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૪ હોય તેમને તા. ૧૮ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૫ હોય તેમને તા. ૧૯ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૬ હોય તેમને તા. ૨૦ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૭ હોય તેમને તા. ૨૧ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૮ હોય તેમને તા. ૨૨ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૯ હોય તેમને તા. ૨૩ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૦ હોય તેમને તા. ૨૪ જૂને
વિનામૂલ્યે અન્ન વિતરણ કરવામાં આવશે.

અનિવાર્ય સંજોગોમાં જો કોઈ રહી ગયુ હશે તો તેઓ તા. ૨૫મી જૂનથી વહેલી તકે સસ્તા અનાજની દુકાનેથી અન્ન મેળવી લેવાનું રહેશે

**વન નેશન, વન રેશનકાર્ડ યોજના**

કેન્દ્ર સરકારની "વન નેશન, વન રેશનકાર્ડ" યોજના હેઠળ દેશનો કોઈપણ NFSA રેશનકાર્ડ ધારક પોતાના અંગૂઠા/આંગળીની છાપ દ્વારા ઓળખ પ્રસ્થાપિત કરીને સમગ્ર રાજ્યમાં કોઈપણ સસ્તા અનાજની દુકાનેથી જૂન-૨૦૨૦માં વિનામૂલ્યે અન્ન પુરવઠો મેળવી શકશે

કોરોના વાયરસથી બચવા અન્ન મેળવતી વખતે માસ્ક જરૂર પહેરીએ તથા ખોટી ભીડ ન કરીએ અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત